# શ્રી જે.એસ.પટેલ , માન. ધારાસભ્યશ્રી ૩૭- માણસાનું આરોગ્ય વિભાગની માંગણી પરનું પ્રવચન

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય આરોગ્ય અને કાયદા મંત્રીશ્રી રુષિકેશભાઇ પટેલ સાહેબ આ ગૃહ સમક્ષ  માંગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને આરોગ્ય વિભાગની માંગણીઓ પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના કાર્યમંત્ર સાથે રાજયના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ જન સેવાના અવિરત કર્યો કરી રહયા છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતમાં એક સમય એવો હતો કે નાગરિકો પોતાના વિસ્તારમાં થતા નાના એવા વિકાસ કામોથી સંતોષ માનતા હતા, પરંતુ આજે લોકોની વિકાસ માટે જાગૃતિ વધી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

જનતાની વિકાસની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા ભારતીય જનતા પાર્ટીની રાજય સરકાર બજેટમાં સતત વધારો કરતી રહી છે અને આ રીતે વિકાસની અપેક્ષાઓ પૂર્ણ કરવા આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ કૃતનિશ્ચયી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાતના આરોગ્ય, શિક્ષણ, વિજળી, ઉધોગ અને માર્ગો સહિતના ક્ષેત્રો વિકાસની નવી ઉંચાઇ આંબી રહયા છે.

માનનીય અધ્યક્ષશ્રી,

રાજય સરકારના માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ આરોગ્યની સુદઢ સેવાઓ ગ્રામીણ સ્તર સુધી પહોંચાડવા કટિબધ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

મને જણાવતાં આનંદ થાય છે કે, સને ૨૦૨૪-૨૫ ના વર્ષના અંદાજપત્રમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે કૂલ રૂ. ૨૦,૧૦૦ કરોડની જોગવાઇ કરીને લોકોના તંદુરસ્ત અને ગુણવત્તાસભર જીવન માટે કટિબધ્ધતા દર્શાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ ધ્વારા કરુણાસભર રીતે તબીબી ક્ષેત્રનો વિકાસ થાય, રાજયની જનતાની આરોગ્ય સુખાકારી જળવાય, દર્દીઓને જરુરીયાતની તમામ પ્રકારની સારવાર માટે રાજયની હોસ્પિટલોમાં સેવાઓ મળી રહે તે માટેની આ બજેટમાં જે જોગવાઇ કરી છે, તેનાથી રાજયના ગરીબ અને નિઃસહાય લોકોને દવાખાનાની જરુરીયાતો ચોકકસ સંતોષાશે તેવી શ્રધ્ધા છે.

માનનીય અધ્યક્ષશ્રી,

એક ભારત શ્રેષ્ઠ ભારતના નાદ સાથે વૈશ્વિક નેતૃત્વ કરી રહેલ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ છેલ્લા ૧૦ વર્ષથી અકલ્પનિય અને અવિસ્મરણીય ઉપલબ્ધીઓ સાથે ભારત તેની " વસુદૈવ કુટુમ્બકમ " ની સંસ્કારિતાના માર્ગે અગ્રેસર થઇ વિશ્વ બંધુત્વની મહેક પ્રસરાવી રહયું છે.

માનનીય અધ્યક્ષશ્રી,

કોરોનાની મહામારીએ જયારે આખી દુનિયાને ભરડામાં લીધી ત્યારે આપણા પ્રધાનમંત્રીશ્રીએ દેશમાં દવાઓ બનાવતી ફાર્માસ્ટીકલ કંપનીઓની રૂબરૂ મુલાકાત લઇ વૈજ્ઞાનિકોને કોરોનાની વેકસીનના સંશોધન માટે પ્રોત્સાહિત કરી, દેશની જનતા માટે સ્વદેશી વેકસીન ઉપલબ્ધ થાય તે માટે જાગૃત કર્યા હતા. આદરણીય વડાપ્રધાનની દેશની જનતા માટેની લાગણી જોઇ, આપણા વૈજ્ઞાનિકોએ ઉત્સાહ સાથે સખત મહેનત કરી, દેશમાં સ્વદેશી કોરોનાની પ્રથમ વેકસીનની શોધી કરી, જે અભિનંદનને પાત્ર છે. દેશના ૧૧૦ કરોડ નાગરિકોથી વધુ નાગરિકોને કોરોનાની સ્વદેશી રસીના બે ડોઝ અને એક બુસ્ટર ડોઝ વિના મુલ્યે આપી દેશના માનવધનની મહામુલી જિંદગી બચાવવાનું ભગીરથ કાર્ય આદરણીય વડાપ્રધાનશ્રીએ કર્યુ છે. કોરોના કાળની મહામારીની કપરી સ્થિતિમાં પોતાના જીવનની પરવાહ કર્યા સિવાય ડૉકટરર્સ મિત્રો, આરોગ્યના તમામ કર્મચારીઓએ જનતા જનાર્દનના જીવ બચાવવા માટે જે કામગીરી કરી છે તે માટે તેઓને વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

કોરોનાની સ્વદેશી રસી ફકત દેશના નાગરિકો માટે જ નહીં, પરંતુ " વસુદૈવ કુટુમ્બકમ " ની ભાવના સાથે વિદેશી નાગરિકો માટે પણ ભારતે ઉપલબ્ધ કરાવી તે આદરણીય વડાપ્રધાનશ્રીની હકારાત્મક વૈશ્વિક વિચારધારાની ભાવનાની પ્રતિતિ કરાવે છે. આ કોરોનાની મહામારીમાંથી દેશને હેમખેમ બહાર કાઢવા આદરણીય નરેન્દ્રભાઇએ જે રીતે અભૂતપૂર્વ કામ કર્યુ છે તેને બિરદાવવા મારી પાસે શબ્દો ઓછા પડે છે. મારે તો એટલું જ કહેવું છે કે આદરણીયશ્રી નરેન્દ્રભાઇ પ્રધાનમંત્રી નહીં પણ દેવદૂત છે.

માનનીય અધ્યક્ષશ્રી,

મારા મત વિસ્તાર માણસા ખાતે અમોને ૪૨૫ બેડની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ તેમજ ૧૫૦ સીટની મેડીકલ કોલેજ આપવા બદલ હું દેશના ગૃહ અને સહાકારીતા મંત્રીશ્રી અમીતભાઇ શાહ સાહેબ, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ નો હું માણસાના સૌ પ્રજાજનો વતી હૃદયથી હું ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી,

" એક ભારત શ્રેષ્ઠ ભારત" ના નાદ સાથે વૈશ્વિક નેતૃત્વ કરી રહેલ આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ છેલ્લા ૧૦ વર્ષથી અકલ્પનિય અને અવિસ્મરણીય ઉપલબ્ધીઓ સાથે ભારત તેની " વસુદૈવ કુટુમ્બકમ "ની સંસ્કારિતાના માર્ગે અગ્રેસર થઇ વિશ્વ બંધુત્વની મહેક પ્રસરાવી રહયું છે.

**જય જય શ્રી રામ.... જય દ્વારકાધીશ......**